શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

**સર્વ શિક્ષા અભિયાન અંતર્ગત પોરબંદર જિલ્લામાં સી.આર.સી./ બી.આર.સી. કો.ઓર્ડિનેટરની વર્તમાન તમામ ખાલી જગાઓ અને તેની પ્રતિક્ષા યાદી બનાવવા તેમજ ભવિષ્યમાં વહીવટી કારણોસર ખાલી પડનાર સીઆરસી અને બીઆરસી કો–ઓર્ડિનેટર માટેની પ્રતિક્ષા યાદી બનાવવા માટેની જાહેરાત**

પોરબંદર જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા વિદ્યાસહાયક / શિક્ષક પાસેથી નીચેની વિગતે સીઆરસી અને બીઆરસી કો–ઓર્ડિનેટરની પ્રતિનિયુક્તિના ધોરણે ભરતી કરવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| તાલુકો | ખાલી જગાના નામ | |
|---|---|---|
| | સીઆરસી | બીઆરસી |
| પોરબંદર | શીશલી, કુછડી,ભારવાડા, મોઢવાડા, બગવદર (કુલ–૫) | – નીલ – |
| રાણાવાવ | રાણાખીરસરા, રાણાવડવાળા, આદિત્યાણા (કુલ–૩) | – નીલ – |
| કુતિયાણા | ખાગેશ્રી (કુલ–૧) | – નીલ – |

નિયત લાયકાત ધરાવતા ઈચ્છુક ઉમેદવારોએ નિયત નમુનામાં **તારીખ** <u>૦૪/૦૩/૧૩</u> સુધીમાં રજીસ્ટર એડી દ્વારા જ તમામ શૈક્ષણિક લાયકાત તેમજ નોકરીના અનુભવોના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો સાથે **જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટરની કચેરી, સર્વ શિક્ષા અભિયાન, રામબા પ્રાથમીક શાળાનું બિલ્ડીંગ, કલ્યાણ હોલ પાસે, એમ.જી રોડ, પોરબંદર (૩૬૦૫૭૫)** ને અરજી નિયત નમૂનામાં જ કરવાની રહેશે. અરજીનો નિયત નમુનો દરેક તાલુકાના બીઆરસી ભવન તેમજ જિલ્લાની એસ.એસ.એ. કચેરી ખાતે ઉપલબ્ધ થશે. બીઆરસી / સીઆરસી કો.ઓર્ડિનેટરની જગા માટે સબંધીત તાલુકામાં સમાવિષ્ટ સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષક / વિદ્યાસહાયક અરજી કરી શકશે. જે શિક્ષકના નિવૃતિના બે વર્ષ બાકી હોય તેમજ જાહેરાતની તારીખે સીઆરસી માટે નોકરીના બે વર્ષ અને બીઆરસી માટે ત્રણ વર્ષ થયેલ ન હોય, તેવા ઉમેદવારો અરજી કરી શકશે નહી. જે ઉમેદવાર બીઆરસી / સીઆરસી કો.ઓ. બંને જગા માટે અરજી કરવા ઈચ્છતા હોય તેમણે અલગ અલગ અરજી કરવાની રહેશે. આ માટેની લેખિત પરીક્ષા **તા. ૧૦/૦૩/૧૩ ના ૧૦.૦૦ કલાકે કે.બી.તાજાવાલા સ્કુલ, એમ.જી રોડ, પોરબંદર** ખાતે લેવાનાર હોય, અરજી કરનાર શરતી લાયક ઉમેદવારે સ્વખર્ચે ફોટો ઓળખકાર્ડ સાથે ઉપસ્થિત રહેવું. લેખિત પરીક્ષા માટે અલગથી જાણ કરવામાં આવશે નહી. લેખિત પરીક્ષામાં પુરૂષ ઉમેદવારે ઓછામાં ઓછા ૫૦ (પચાસ) ગુણ અને સ્ત્રી ઉમેદવારે ઓછામાં ઓછા ૪૦ (ચાલીસ) ગુણ મેળવનારને કોમ્પ્યુટર પરીક્ષા માટે બોલાવવામાં આવશે. ત્યાર બાદ રૂબરૂ ઈન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. આ પ્રક્રિયા માટે ઓગષ્ટ–૧૨ ની પ્રતિક્ષા યાદી પ્રથમ ઓપરેટ કરવામાં આવશે.

તારીખ : ૨૧/૦૨/૨૦૧૩
સ્થળ : પોરબંદર

(ડી.આર. સરડવા)
જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર
એસ.એસ.એ., પોરબંદર